Issue 3 - Vol 10
2025
Impact Factor 6.89

ISSN: 2395-339X

# Saarth

## E-Journal of Research

**2-Days International Interdisciplinary Conference - 2025**

**on**

**National Education Policy (NEP) 2020 in View to Changing India in 21st Century**

(Hybrid Mode)




Chief Editor
Prof.(Dr.) Yagnesh B. Purohit

Managing Editor
Abhishek Dahaulia

# Contents


1 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP) 2020માં સાહિત્ય અને ભાષાનો ફાળો
ડૉ. જમનાબહેનહિરાભાઈ ગામેતી

2 ભારતીય ઈતિહાસમાં એક ઐતિહાસિક પર્યાવરણીય ચળવળ તરીકે ચિપકો 7
આંદોલન: એક મહત્વપૂર્ણ અભ્યાસ. -ડૉ.જશરાજ ભાઇ ચૌધરી

3 બૃહદારણ્યકોપનિષદમાં મોક્ષવિચાર -પ્રા. ડૉ. જસવંતભાઇ કે. પ્રજાપતિ 9

4 શિક્ષકઅભિયોગ્યતા કસોટીની રચના અને તેનું પ્રમાણિકરણ 11
-KHARADI JETENSKUMAR INDULAL

5 "મ ોંઘવારી અને બેરોજગારી સાથે નવી શિક્ષણ નીતિનો સંબંધ" 13
-કનુભાઈ રમેશભાઈ બુંબડિયા

6 રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યનો 15
ફાળો : એક વિશ્લેષણાત્મક અભ્યાસ - ડૉ.કિરણ આર.ખેની આસી. પ્રોફેસર

7 રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP), 2020માં શિક્ષક-પ્રશિક્ષણઅંગે કરવામાં આવેલી 17
ભલામણોનો અભ્યાસ -Dr. Kirit R. Chauhan

8 'અગનપિપાસા'માં નારીચેતના -હડિયોલ લાખાબા તખતસિંહ 19

9 "ગુજરાતી સાહિત્ય સ્વરૂપોમાં આધુનિકતાનો પ્રવેશ : એક સંક્ષિપ્ત અભ્યાસ" 22
-પટેલ ભૂપતભાઈ ધીરુભાઈ

10 મફત કાનૂની સહાય કેન્દ્રની ઉપયોગીતા તેમજ અસરકારકતા 24
-Patel MangjibhaiNagjibhai

11 મોડાસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળઓના વિદ્યાર્થીઓના ગુજરાતી 26
વિષય પ્રત્યેના મનોવલણ -પ્રા. મનાત અરવિંદકુમાર રાજેંદ્રભાઈ

12 હિન્દી સિનેમામાં રાજકીય પરિબળો: અવિસ્મરણીય હિન્દીફિલ્મોનો અભ્યાસ 32
MANAT SHIVDEEPKUMAR MAJNUBHAI

13 મનુસ્મૃતિ પ્રમાણે (બારમાં અધ્યાયમાં) કર્મની ગતિ -પંડ્યા નિમિષાબેન જશવંતલાલ 37

14 માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના 39
વલણોનો અભ્યાસ -માયાબેન દેસાઇ

15 બાસ્કેટબોલ અને હેન્ડબોલ રમતના ખેલાડી ભાઈઓની ચપળતાઅનેસમતોલનનો 42
તુલનાત્મક અભ્યાસ - ડૉ. મેહુલકુમાર સુરેશકુમાર જયસ્વાલ, ધર્મેન્દ્રકુમાર જી. પટેલ

16 બી.એડ.કોલેજના પ્રશિક્ષણાર્થીઓ અને અધ્યાપકોના પાઠ આયોજન અંગેના 46
અભિપ્રાયોનો અભ્યાસ -MODI ASHABEN SHANTILAL

17 યોગ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓની ઝડપ પર થતી અસરનો અભ્યાસ 50
-મુકેશ જે. ડામોર- ડૉ. વિષ્ણુભાઈ જી. ચૌધરી

18 મહાપુરાણોમાં નર્મદાનું મહત્વ -ડૉ.નમ્રતાબેનદિનેશભાઈ ચૌધરી 53

19 કિરીટ ગોસ્વામીની ગઝલોમાં મૃત્યુ સંવેદનનું આલેખન-ડૉ.નેહલબહેન એ.પાઠક 56

20 ધોરણ -11 ના ભૌતિક વિજ્ઞાનના પસંદિત એકમ માટેફ્લિપ્ડ અધ્યયનની 59
અસરકારકતા -NileshKumar Gohel

21 વિકાસશીલ દેશોમાં શહેરીકરણનો માનસિક આરોગ્ય પર પ્રભાવ 61
-ડૉ.પી.કે.પટેલ આસિ.પ્રોફેસર(સમાજશાસ્ત્ર)

22 "હિન્દુ સ્ત્રીના લગ્ન અને અધિકારો : કાયદાના પરિપ્રેક્ષ્યમાં એક વિશ્લેષણાત્મક 67
અભ્યાસ" -Mr. Pandar SagarKumar Naranbhai

23 પ્રાથમિક શાળાના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓમાં નૈતિકતા વિકસાવવા માટેના 70
કાર્યક્રમની રચના અને અજમાયશ -Parmar Pankajkumar K.

24 NCC દ્વારા વિદ્યાર્થીઓના બળ પર થતી અસરોનો અભ્યાસ 76

# 6

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યનો ફાળો : એક વિશ્લેષણાત્મક અભ્યાસ

ડૉ.કિરણ આર.ખેની આસી. પ્રોફેસર

પરિચય(Abstract):

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એ ભારતના શિક્ષણક્ષેત્રમા મોખરે આવતા દસ્તાવેજોમાંથી એક છે. જેમાં શિક્ષણના વ્યાપકતંત્રમાં ભાષા અને સંસ્કૃતિના મહત્વને સંપૂર્ણરીતે સ્વીકારવામાં આવ્યું છે. ભાષાને માત્ર શિક્ષણનું માધ્યમ નહીં પરંતુ શૈક્ષણિક દર્શનનો આધાર બનાવવામાં આવ્યો છે.

ગુજરાતી ભાષા માત્ર પ્રાદેશિક ભાષા નથી; તે એક ઐતિહાસિક રીતે સંપન્ન સાહિત્યિક પરંપરા ધરાવતી ભાષા પણ છે.રણછોડભાઈ ઉદયરામ દવે,ઉમાશંકર જોશી અને સુંદરમ, ઝવેરચંદ મેઘાણી જેવા સાહિત્યકારોએ ગુજરાતી ભાષાને વિવિધ શૈલીઓ અને વિષયવસ્તુઓમાં વહેતી કરેલી છે.NEP 2020માં માતૃભાષા માટે જે નવો દૃષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે, તે ગુજરાતી ભાષાના સાહિત્યિક સંવર્ધન માટે પણ સાનુકૂળ પુરવાર થઈ રહ્યો છે.

## ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય:એક દૃષ્ટિ

ગુજરાતી ભાષા એક સાહિત્યિક વારસો છે જેમાં જીવનના બધા પાસાં દર્શાવવામાં આવ્યા છે. માતૃભાષા એટલે માત્ર ભાષા નહીં, પણ વિચારધારાનો સ્રોત. એટલે જ NEP 2020માં ભાષાને શિક્ષણનું આધારમૂળ માધ્યમ બનાવવાનું સૂચન કરાયું છે.

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ ૧૨મી સદીમાં આબુ શિલાલેખ માંથી થયેલી માનવામાં આવે છે તેમજ હેમચંદ્રાચાર્યના ગ્રંથોમાં ગુજરાતી ભાષાનાં મૂળ જોઈ શકાય છે.ત્યાર પછી નરસિંહ મહેતાથી માંડીને મીરાંબાઈ, અખો, પ્રેમાનંદ,દયારામ જેવાં ભક્તોની ભક્તિ કાવ્યપરંપરા અને પછીના સમયમાં સમાજસુધારણા, ગાંધીવાદી વિચારસરણી વાળું સાહિત્ય નવલકથા, નાટક, જીવનકથા, વાર્તા અને નિબંધ જેવાં સ્વરૂપોમાં વિકાસ પામતું જોઈ શકાય છે.જેમાં 'મારી હકીકત', 'સરસ્વતીચંદ્ર', 'રાઈનો પર્વત', 'ભારેલો અગ્નિ', 'પોસ્ટઓફીસ', 'માનવીની ભવાઈ', 'વેવિશાળ', 'સોરઠ, તારા વહેતા પાણી', 'ઝેર તો પીધા છે જાણી જાણી' જેવી કૃતિઓ નોંધપાત્ર બને છે.જેમાં તત્કાલીન જીવનની સમસ્યાઓને રજુ કરી જીવનનું વાસ્તવિક ચિત્ર રજુ કરવામાં આવેલ છે.

## NEP 2020માં ગુજરાતી ભાષા અને સાહિત્યનું સ્થાન

NEP 2020 એ વિવિધ ભારતીય ભાષાઓના સંવર્ધન માટે નિર્ધારિત પગલાં રજૂ કરે છે. તેમાં ભાષાશિક્ષણની સાથે સાહિત્યના અભ્યાસને પણ મહત્વ આપવામાં આવ્યું છે.

### 1.માતૃભાષા આધારિત શિક્ષણ:

ગુજરાતી ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં લખાયેલ સાહિત્ય સાથે નજીકથી જોડાય જાય છે.

### 2.ત્રિભાષાસૂત્ર:

ગુજરાતી ભાષા સાથે હિંદી અને અંગ્રેજી શીખીને વિદ્યાર્થીઓ ઔપચારિક સાહિત્ય અને લોકસાહિત્ય બંને સમજી શકે છે.

### 3.અનુવાદકેન્દ્રો:

વિવિધ ભારતીય ભાષાઓના સાહિત્યનું અનુવાદ કાર્ય કરી ભાષાઓ વચ્ચે સંવાદ સ્થાપાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. જેથી વિશાળ સાહિત્યનાં સમ્પર્કમાં દરેક લોકો મૂકાય શકે છે.અને નવો દ્રષ્ટિકોણ મેળવી શકે છે.

### 4.ભાષા અને સાહિત્ય સંશોધન કેન્દ્રો:

જે સંસ્થાઓ ભાષા અને તેના સાહિત્ય માટે અભ્યાસ અને સંશોધન રજુ કરી શકે તે માટે કામ કરતી સંસ્થાઓ ઊભી કરવામાં આવી છે.જેથી મૂળ સાહિત્યવધુને વધુ લોકો સુધી પોહચી શકે અને તેનો શક્ય એટલો ઉપયોગ પોતાના જીવનમાં અને વ્યવહારમાં કરી શકે છે.તેમજ સાહિત્યની અણખુલ્લેલી બારીઓ સુધી સાહિત્યને લઈ જઈ શકાય એમ છે.

## ગુજરાતી સાહિત્યનો શૈક્ષણિક પાયો

ગુજરાતી સાહિત્ય શિક્ષણ માટે અત્યંત ઉપયોગી છે:

સાંસ્કૃતિક બોધ: નર્મદ,ઝવેરચંદ મેઘાણી જેવી હસ્તીઓના સાહિત્યમાંથી સંસ્કૃતિનું જીવંત દર્પણ મળે છે. જેમ કે, નર્મદ પોતાનાં જીવન સાથે પ્રયોગો કરી સુધારણાનું ઉદાહરણ પૂરું પડે છે.ઝવેરચંદ મેઘાણીના સાહિત્યમાં સમાજનાં વાસ્તવિક પ્રશ્નો ,સમસ્યાઓનો ચિતાર વણાયેલો છે.

માનવમૂલ્યનું પ્રેરણાસ્ત્રોત: નરસિંહ મહેતાના પદોમાં ભક્તિ અને કરુણાનો સંદેશ અને કવિ ઉમાશંકર જોશીના કાવ્યોમાં આધુનિકતાનો સ્વર જોવા મળે છે.વૈચારીક અંભિવ્યક્તિ: ગુજરાતી નિબંધો, વ્યંગ્યકથાઓ અને વાર્તાસાહિત્ય દ્વારા વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ વિકસે છે. શૈક્ષણિક સાધન તરીકે: સંદર્ભગ્રંથો, પાઠ્યપુસ્તકો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતી સાહિત્યના ભાગોનો સમાવેશ થાય છે.

## NEP 2020 હેઠળ ગુજરાતી ભાષા અને સાહિત્યના સંવર્ધન માટેના પ્રયાસો

**1.ગુજરાતી ભાષા આધારિત ઈ-સામગ્રી :**

e-GyanKunj, DIKSHA અને Gujarat Virtual Shala પર ગુજરાતી સાહિત્ય આધારિત સામગ્રી ઉપલબ્ધ છે.

**2.સાહિત્ય સ્પર્ધાઓ અને કાર્યક્રમો:**

વિવિધ શાળાઓ અને કોલેજોમાં વાર્તાલેખન, કાવ્યપઠન અને નિબંધસ્પર્ધાઓનું આયોજન થાય છે.

**3.GCERT અને SCERT દ્વારા સાહિત્ય આધારિત પાઠ્યપુસ્તકો:**

ગુજરાતી કવિઓ અને લેખકોના પુસ્તકોના પ્રેરણાત્મક અંશો શૈક્ષણિક અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યા છે.

**4.માહિતી તકનીકીનો ઉપયોગ:**

સાહિત્યિકકથાઓના એનિમેટેડ વિડીયો, ઓડિયો પુસ્તકો અને ઇ-બુક દ્વારા વિદ્યાર્થીને વિષય પ્રત્યે રુચિ વધે તે માટેનાં પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યાં છે.

## ભવિષ્ય માટે દિશા: સાહિત્યિક અભિગમ

NEP 2020ના આધારે ગુજરાતી ભાષા અને સાહિત્યનો સમાવેશ શિક્ષણમાં વધુ વ્યાપક બનાવવા માટેનાં પ્રત્યનો કરવાં જોઈએ:

**૧.વિદ્યાલય અને યુનિવર્સિટીમાં સાહિત્યચક્ર:**

સાહિત્યનો અભ્યાસ ફક્ત ભાષાવિધાન પુરતો સીમિત ન રહે તે જીવનવિધાન પણ બને તેવા અભિગમની જરૂર છે.

**૨.વિશિષ્ટ સાહિત્યકારો પર આધારિત અભ્યાસક્રમો :**

જેમકે નર્મદ,ભોગીલાલ ગાંધી, સુંદરમ,રવીશંકર રાવળ,પન્નાલાલ પટેલ જેવા સાહિત્યકારો પર કેન્દ્રિત પાઠ્યક્રમ બને.

**૩.ગુજરાતી સાહિત્યના ઈતિહાસ અને શૈલીઓ પર અભ્યાસક્રમો:**

જેનાથી વિદ્યાર્થીઓને સાહિત્યનો ગહન અભ્યાસ કરવાની તક મળે..

**૪.AI અને ટેક્નોલોજી આધારિત ગુજરાતી સાહિત્ય પોર્ટલ:**

જે વિદ્યાર્થીઓને સાહિત્ય સાથે વધુ વાતચીત કરવા માટેના સાધનો આપે.

## નિષ્કર્ષ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એક સારો અભિગમ ધરાવે છે. જે ભાષા અને સાહિત્ય બંનેને શૈક્ષણિક કેન્દ્રમાં મૂકવાનું સૂચન કરે છે. ગુજરાતી ભાષા માટે આ નીતિ માત્ર ભાષા નહીં પરંતુ ગુજરાતી સાહિત્ય માટે પણ એક નવી શરૂઆત છે. ગુજરાતી સાહિત્યના વિભિન્ન પાસાં, શૈલીઓ અને સાહિત્યકારોની રચનાઓ વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક રીતે પણ સમૃદ્ધ કરે છે અને તેમની ભાષાકુશળતા વિકસાવે છે. જો NEP 2020ને ગુજરાતમાં યોગ્ય રીતે અમલમાં લાવવામાં આવે અને સાહિત્યને શિક્ષણ સાથે સાર્થક રીતે જોડવામાં આવે તો ગુજરાતી ભાષાનું સાહિત્યિક મૂલ્ય માત્ર અભ્યાસ પૂરતું નહીં પણ વ્યક્તિગત અને સામૂહિક વિકાસ માટે પણ સહાયક બની શકે એમ છે.

## સંદર્ભ:

NEP 2020 પોલિસી